Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकर गुणस्थानपार्टीं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत् २४४२ पोष. आत्म सं. २०. } अंक ६ ठो

प्रकाशक—श्री जैन आत्मानंन्द सभा,—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | માંગલિકપદ્ય ... ... ... | ૧૨૩ | ૬ | સૌજન્યતા. ... ... ... | ૧૪૨ |
| ૨ | સમ્યગ્દર્શન સ્તુતિ.... ... | ૧૨૩ | ૭ | સમતાથી ઇચ્છિત પ્રાપ્તિ. ... | ૧૪૪ |
| ૩ | જૈન ઐતિહાસિક સાહિત્ય.... | ૧૨૪ | ૮ | શ્રી કેળવણી ફંડ અને શ્રી જૈન આત્માનંદ સભા. ... ... | ૧૪૪ |
| ૪ | સૂક્તમુક્તાવળી—અનુવાદ. ... | ૧૩૪ | ૯ | વર્તમાન સમાચાર, ... ... | ૧૪૫ |
| ૫ | જ્ઞાનારાધન. ... ... ... | ૧૩૮ | ૧૦ | ગ્રંથાવલોકન..... ... ... | ૧૪૬ |


વાર્ષિક—મૂલ્યરૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## એક વિનંતિ.

આ સભાતરફથી આર્થિક સહાયવડે પ્રસિદ્ધ થતાં સંસ્કૃત (મૂળ ટીકાના) ગ્રંથો સહાય આપનાર બંધુઓની ઇચ્છા અને આ સભાના ધારા મુજબ દરેક મુનિમહારાજો અને સાધ્વી મહારાજને તેઓશ્રીના સમુદાયના (વિદ્યમાન) ગુરૂ અથવા વડીલ મુનિરાજશ્રીની મારફત મંગાવવાથી કોઇ પણ શ્રાવકના નામ ઉપર પુસ્તક ગેરવલ્લે ન જાય તેવા હેતુથી પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવે છે. હસ્તલીખીત જ્ઞાનભંડારોને પણ મંગાવવાથી ભેટ મોકલવામાં આવે છે. આવો પ્રબંધ છતાં તેમજ અનેક વખત વિનંતિ કરવા છતાં હજી પણ કેટલાક મુનિરાજો ગુરૂ મારફત ન મંગાવતાં પરબારા પત્રો લખે છે, તો તેઓશ્રીને વિનંતિ છે કે ઉપર લખ્યા પ્રમાણે મંગાવવા કૃપા કરવી. તે સિવાય બીજી રીતે ધારા મુજબ મોકલી શકાતા નથી. વળી વિશેષમાં જણાવવા રજા લઇયે છીએ કે આ જ્ઞાનખાતું હોવાથી કોઈ જૈન બંધુઓને ભેટ આપી શકાતા નથી. જેથી સંસ્કૃત અભ્યાસી અને આવા ગ્રંથોના ખપી જૈન બંધુઓ માટે મુદ્દલ અને મુદ્દલથી પણ ઓછી કીંમતે આવા ગ્રંથો આપવામાં આવે છે. આવા મૂળ ગ્રંથો માત્ર અલ્પ પ્રમાણમાંજ ખપતા હોવાથી ઉપજેલી રકમ જ્ઞાન ખાતે જમે થતાં તેમાંથી જ્ઞાનની વૃદ્ધિ અર્થેજ માત્ર તેનો ઉપયોગ થાય છે. ઘણી મોટી સંખ્યામાં ગ્રંથો ભેટ અપાયે જાય છે. આટલી નમ્ર વિનંતિ જણાવવા રજા લઇયે છીયે.

---

**તૈયાર છે.** **જલદી મંગાવો.** **તૈયાર છે.**

# તપોરત્ન મહોદધિ.

### (તપાવલી-ભાગ ૧-૨)

**અનેક ગ્રંથોમાંથી તમામ પ્રકારના તપોનો કરેલ સંગ્રહ.**

શ્રી પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી ભક્તિવિજયજી મહારાજના અપૂર્વ પ્રયાસનું આ ફલ છે. જે કે તે બે વિભાગમાં પ્રગટ કરવામાં આવેલ છે. પ્રથમ વિભાગમાં ૮૮ પ્રકારના આચારદિનકરમાં જણાવેલા તપોનું તથા બીજા વિભાગમાં ૭૩ પ્રકારના અન્ય ગ્રંથાદિમાં કહેલા તપોનું વર્ણન આ ગ્રંથમાં વિધિ-વિધાન સહિત ઘણી ઉંચી અને સરલ શૈલીથી આપવામાં આવેલું છે.

બંને વિભાગમાં તપ અને તેના ગુણણા વિગેરે બહુજ વિસ્તારથી આપવામાં આવેલ છે. આ ગ્રંથની અંદર અનેક ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે, તે ગ્રંથોના નામનું લીસ્ટ પણ સાથે આપવામાં આવેલ છે. વળી દરેક તપનો મહિમા વાંચવાથી હૃદયમાં આલ્હાદ ઉત્પન્ન થાય છે. વળી તપને લગતા પ્રશ્નોત્તરો દાખલ કરી તેને ખાસ ઉપયોગી બનાવવામાં આવેલ છે. અનેક ગ્રંથો, ચુકો, તપના ટીપણાઓ અને છુટક પ્રતો તેમજ ચાલુ પ્રચારથી જે જે તપો જાણવામાં આવ્યા તે તમામનો સંગ્રહ કરેલો છે જે આ ગ્રંથ સાદ્યંત વાંચવા વિચારવાથીજ તેની અપૂર્વ કિંમત થઈ શકે તેવું છે. ઉંચા એન્ટીક ઈંગ્લીશ પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપથી પ્રતના આકારે મોટો ખર્ચ કરી છપાવવામાં આવેલ છે. બાવીશ ફરમાનો મોટો ગ્રંથ છતાં માત્ર તેની કિંમત રૂા. ૦-૮-૦ આઠ આના રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

સદરહુ ગ્રંથ વિવિધ તપ કરવાના અભિલાષિ સાધુ-સાધ્વીને તેમજ જે શહેરના ઉપાશ્રયમાં સંભાળથી સાચવી રાખવાનું અને તેનો યોગ્ય ઉપયોગ કરવાનું અમોને ખાત્રીપૂર્વક જણાવવામાં આવશે તે શહેરના ઉપાશ્રય માટે, તેમજ લખેલ પુસ્તકના જ્ઞાનભંડારોને તથા જાહેર લાયબ્રેરીઓને એક એક નકલ પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय–
पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १३ ] वीर संवत् २४४२, पोष. आत्म संवत् २०. [ अंक ६ ठो.

## मांगलिक पद्य.

( શાર્દૂલ વિક્રીડિત. )

આ સંસાર તરૂતણા બીજ [1]ગણો બાળ્યાં મહાસત્ત્વથી,[2]
રાગદ્વેષ તણા અભાવ ધરતા જે ભવ્યના સારથિ;[3]
જેને મોહ નથી સદા સ્વપરમાં સદ્જ્ઞાનના સંગથી,
બ્રહ્મા વિષ્ણુ શિવોઽથવા જિનપતિ તેને નમુ ભાવથી.

## सम्यग् दर्शन स्तुति.

( શિખરિણી. )

પ્રકાશે જે સત્ત્વે સુખદ સમયે આત્મઘટમાં,
જણાવે સદ્વસ્તુ કુમતિ હરી સંસાર તટમાં;
શમાસ્તિક્યાદિ[4] જ્યાં અભિનવ[5] ગુણો છે પ્રવહતા,
લહી સમ્યગ્દૃષ્ટિ અવિચલ પદે સ્થૈર્ય ધરતા.

F.

---

૧ " બીના સમૂહો. ૨ પરાક્રમથી. ૩ રથ હાંકનાર ૪ શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય. ૫ આત્માએ પૂર્વે કદી નહિ અનુભવેલા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ऐतिहासिक–साहित्य ।

૧

## મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી.

આ મહા પુરૂષે પોતાના પવિત્ર જન્મથી કઈ ભૂમિ, કઈ જાતિ અને કયા કુળને અલંકૃત કર્યું છે, એની કાંઇ પણ સત્ય હકીકત હજી સુધી જાણવામાં આવી નથી. તેમજ એમણે કયારે દીક્ષા લીધી. કયારે ન્યાયાચાર્યાદિ પદ પામ્યા અને કઈ કઈ વખતે શી શી શાસન–સેવાઓ બજાવી, ઈત્યાદિ વૃત્તાંત પણ અનુપલબ્ધજ છે. અર્થાત્ જૈનશાસનના આ મહાન્ પ્રભાવકના પવિત્ર જીવનની વિસ્તૃત ચર્યાથી ઘણા ભાગે આપણે અજ્ઞાતજ છીએ. આવા એક અસાધારણ મહાત્માના મહાન્ અને જગન્મંગળકર જીવનથી અપરિચિત રહેવું પડે તે બહુજ અફશોસકારક બીના છે; પરંતુ ઉપાય શું ?

જો તેઓશ્રી મૂળ–પરંપરામાં પટ્ટધર આચાર્ય થયા હોત તો' તો, તેમના સંબંધમાં થોડો ઘણો ઉલ્લેખ–દેશ, જાતિ અને માતાપિતાના નામો તથા દીક્ષા વિગેરેની સાલો ઈત્યાદિ—પટ્ટાવલિમાંથી અવશ્ય મળી આવત, પરંતુ તેઓશ્રી ઉપાધ્યાયપદથી વિભૂષિત થયેલા હોવાથી પટ્ટાવલિમાં તત્સંબંધે કાંઇ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

આમ હોવા છતાં પણ, આ શાસન–રક્ષક કર્મયોગી–શ્રમણના જીવન સંબંધમાં કાંઇક વાસ્તવિક ઉલ્લેખ મળવાની, એક બીજી રીતિએ, મ્હારા મનમાં ઘણા સમયથી આશા લાગી રહી હતી ! આશાનું કારણ આ છે કે–જેવી રીતે, સત્યવિજય, કલ્યાણવિજય, વૃદ્ધિવિજય, લક્ષ્મીસાગર, ન્યાયસાગર અને નેમસાગર આદિ મહાત્માઓના જીવનની ટુંક હકીકતો, ( કે જે કેટલીક જૈન રાસમાળામાં છપાણી છે અને કેટલીક મ્હારી પાસે છે, ) તેમના શિષ્યોએ અથવા ભકતોએ, આપણા જેવી ભાવિ પ્રજાના ઉપકાર માટે કહો કે પછી પોતાની ભક્તિ માટે કહો પણ, ગુજરાતી ભાષામાં રાસ, ભાસ કે નિર્વાણ જેવા પ્રબંધો લખી, પોતાના આત્માને પવિત્ર કરવાનું પ્રયત્ન કર્યું છે, તેવી રીતે ઉપાધ્યાયજીના જીવન વિષયમાં પણ કોઇ ભાગ્યશાળીએ ' કાંઇક ' લખી સ્વજન્મને સફળ કરવા અવશ્ય થોડો ઘણો ઉદ્યમ કેમ ન કર્યો હોય ?,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ્હારી એ આશા ' વ્યર્થ ' નહિ પણ ' યથાર્થ ' હતી, એમ મ્હને હાલમાં મળેલા " **સુજસવેલી-ભાસ** " ના એક છુટક પાના ઉપરથી જણાયું છે ! આ ' ભાસ ' પાટણના સંઘના આગ્રહથી કાંતિવિજય નામના મુનિવરે મહોપાધ્યાય શ્રી યશોવિજયજીના ગુણગણનો પરિચય આપવા માટે બનાવી છે. આ ' ભાસ ' નો એકજ પત્ર અહિંના ભંડારના ટૂટક પાનાઓમાંથી મળી આવ્યો છે. અતિ પરિશ્રમ કરવા છતાં પણ બીજો પત્ર મળી શકયો નથી ! જે મળ્યો છે તે બીજો ( અંતનો ) છે; પ્રથમનો નથી.

આ મળેલા પત્રમાં, ઉપાધ્યાયજીને વાચકપદ મળ્યાની અને કાળ કર્યાની સાલનો ઉલ્લેખ છે. તથા અમદાવાદના અધિપતિ મહબતખાનને, તેમની વિદ્વત્તાની ખ્યાતિ સાંભળી, મળવાની હુંશ થઇ આવવાથી, ઉપાધ્યાયજી તેની સભામાં જઇ અષ્ટાદશ (૧૮) અવધાન કરી ખાનને બહુ ખુશી કર્યાનો અને તેમ કરી શાસનની પ્રભાવના કર્યાનો પણ ઉલ્લેખ છે કે જે બીના આપણા માટે બીલકુલ નવી છે ! તેમજ એક કથનથી તેમણે બીજી કોઇ મહાન્ વિજયપતાકા મેળવ્યાનું પણ અનુમાન થાય છે, પરંતુ તે બધો ભાગ નહિં મળેલા પ્રથમ પત્રમાં રહી ગયો છે ! આ શિવાય બીજી પણ ઉપયોગી અને મહત્ત્વની વાતોનો ઉલ્લેખ પ્રથમ પત્રમાં અવશ્ય હશે એમ લખનારની શૈલી ઉપરથી ચોક્કસ જણાય છે. તેઓશ્રીના દેશ, જાતિ સંબંધમાં તથા કાશી વિગેરે રહી વિદ્યાભ્યાસ કરવાના સંબંધમાં પણ અનુપલબ્ધ પત્રમાં અવશ્ય ઉલ્લેખ હશે, એમ અંતઃકરણ ખાતરી પૂરે છે. જેટલો આનંદ આ એક પત્ર મળવાથી થયો છે તેટલોજ ખેદ પ્રથમ પત્ર નહીં મળવાથી થયો છે ! પરંતુ ઉપાય શું ? આ પત્રના મળવાથી તેઓશ્રીના જીવનની વિશિષ્ટ વાતો જાણવા માટે અંતરાત્મા અધિક ઉત્સુક થાય છે અને આ 'ભાસ ' ને પૂર્ણ તયા પ્રાપ્ત કરવા માટે દરેક વિદ્વાન્ અને રસિક હૃદયને વિનવવા ઇચ્છે છે કે તેમણે આ દિશામાં પ્રયત્ન કરી, જીર્ણ અને ટૂટક એવા પાનાઓનાં ભરેલાં ટોપલાં કે બાંધેલા પોટકાઓને ખુબ ધ્યાનપૂર્વક ઉથલાવી ઉથલાવી, આ મહામૂલ્ય કોહીનૂર હીરાને પ્રાપ્ત કરવાનું મહાન્ યશ અને પુણ્ય ઉપાર્જન કરવું. પ્રસ્તુત પત્ર પણ આવીજ તરહના ટૂટક પાનાઓમાંથી, ( કે જે નકામા હોવાથી કચરાના પોટલા ભેગા બાંધી દેવામાં આવ્યા હતાં,) મળી આવ્યું છે. આ પ્રતિ કોઈ મૂલચંદ નામના ઠાકોર (ભોજક) ના ભણવા માટે લખવામાં આવી છે. તેથી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે ભોજકો પાસેની જુની હાથ પોથીઓમાં પણ તપાસ કરતાં કદાચ આ 'સુજસવેલી ભાસ' મળી આવે તો નવાઈ નથી, માટે તપાસ કરનારે આવા દરેક સાધન તરફ લક્ષ્ય રાખવાની જરૂર છે.

વાચકોની જિજ્ઞાસા પૂર્ણ કરવા માટે, ઉપલબ્ધ થયેલો એ ભાગ અત્ર આપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં આવે છે. મૂળ કૃતિ ઉત્તમ હોવા છતાં, લેખકના હાથે કોઈ કોઈ ઠેકાણે અશુદ્ધિ દાખલ થવા પામી છે, પરંતુ પ્રાચીનતા જાળવવા ખાતર, કાંઇ પણ સંશોધન કર્યા વગર, જેમની તેમજ અત્ર ઉતારવામાં આવી છે.

यांचक चारण गणिं सहुहीजताजी, वीट्या संघ समग्र ।
नागपुरीय सराहैं पधारियाजी, लेता अरथ उदग्र । ४ वा० ।
कीरति पसरी दिसिं २ ऊजलीजी, विबुध तणी असमान ।
राजसन्नामां करतां वर्णनाजी, निसुणै महबेत खान । ५ वा० ।
गुज्जरपतिनें हुंस हुई खरीजी, जोवा विद्यावान ।
तास कथनथी जस साधें वलीजी, अष्टादश अवधान । ६ वा० ।
पेखि ग्यानी खान खुसी थयाजी, बुद्धि वखाणें नि बाप ।
आडंबरस्युं वाजिंत्र वाजतें जी, आवें थानिक आप । ७ वा० ।
श्री जिनशासन उन्नति तीं थई जी, वाधो तपगछयति शोभ ।
गछ चोरासीमां सहु इम कहेंजी, ए पंडित अक्षोभ । ८ वा० ।
संघति सकल मिलिं श्रीविजयदेवनें जी अरज करे कर जोडि ।
बहुश्रुत ए लायक चउथें पहेंजी (?) कुण करे एहनी होडि । ९ वा० ।
गछपति नायक एहवुं जाणिनें जी, धारे मनमां आप ।
पंडितजी थानक तप विधिस्युं आदरेंजी, छेदन जव संताप । १० वा० ।
जीना मारग शुद्ध संवेगनें जी, चढें संयम चोष ।
जयसोमादिक पंडित मंडलीजी, सेवें चरण अदोष । ११ वा० ।

૧ આ કડીનો ભાવાર્થ એ છે કે—ઉપાધ્યાયજી મહારાજ, જયગાન ગાનારા એવા યાચક ( ભોજક ) અને ચારણ—ભાટ આદિના ટોળાથી તથા સકલસંઘ સમુદાયથી વીંટાયલા **નાગપુરીય સરાહ** માં પધાર્યા. આ નાગપુરીય સરાહ તે અમદાવાદની નાગોરી સરાય છે કે જ્યાં હાલ માં લલ્લુ રાયજીની જૈન બોર્ડીંગ આવેલી છે. ક્યાંથી અને શું કરીને ઉપાધ્યાયજી નાગોરીસરાયમાં પધાર્યા છે. તે હકીકત તો, નહિ મળેલા પ્રથમ પત્રમાં આ કડીની પહેલાની કડીઓમાં આવેલી છે. પરંતુ આટલા કથન ઉપરથી એટલું તો સમજાય છે કે, કોઇ વિપક્ષિ સાથે મહાન્ વિજય મેળવવાના વિષયમાં આ ઉલ્લેખ છે.

૨ **'મહબતખાન'** તે કોઇ અમદાવાદનો તે વખતનો સૂબો હશે એમ લાગે છે.

૩ થાનક તપ—વીશ સ્થાનકની ઓલી. ૪ જયસોમ પંડિત તે યશઃસોમના શિષ્ય હતા. તેમણે સંવત્ ૧૭૧૬ ની સાલમાં છએ કર્મગ્રંથનો બાલાવબોધ કર્યો છે, જેની શ્લોક સંખ્યા ૧૭૦૦૦ સુમારે છે. આ બાલાવબોધ સ્વ. ભીમસી માણેકે પ્રકરણ રત્નાકરના ૪ થા ભાગમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ओली तप आराध्युं विधि थकी जी, तस फल करतलि कीध।
वाचक पदवी सतर अढार मांजी, विजयप्रभ दीध। १२ वा०।
वाचक जस नामी जगमांए जयोजी, सुरगुरुनो अवतार।
सुजसवेलि इम सुणतां संपजै जी, कांति सदा जयकार। १३ वा०।

## ढाल—आज अमारें आंगणियें—ए देशी.

श्री यशोविजय वाचक तणा, हुं तो न लहुं गुण विस्तारो रे।
गंगाजल कणिका थकी, एहना अधिक अछें उपगारो रे। श्री १।
वचन रचन स्याद्वादनां, नयनिगम आगम गंभीरो रे।
उपनिषदा जिम वेदनी, जस कवि न लहें कोई धीरो रे। श्री० २।
शीतल परमानंदिनी, शुचि विमलस्वरूपा साची रे।
जेहनी रचना चंद्रिका, रसिया जण सेवै राची रे। श्री० ३।
लघु बांधवो हरिभद्रनो, कलियुगमां ए थयो बीजो रे।
छता यथारथ गुणसुणी, कवियण बुध को मत खीजो रे। श्री० ४।
सतर त्र्यालिं चोमासुं, रह्या पाठक नगर डभोई रे।
तिहां सुरपदवी अणुसरी, अणसण करि पातक धोई रे। श्री० ५।
सीत तलाई पाखती, तिहां थूभ अछै ससनूरो रे।
ते मांहिं थी ध्वनि न्यायनी, प्रगटें निज दिवसिं पडूरो रे। श्री० ६।

---

છપાવ્યો છે. આ સિવાય બાર ભાવનાની સઝાયો વિગેરે, બીજી પણ કેટલીક કૃતિઓ કરેલી છે. જયસોમની ગુરૂપરંપરા શ્રી આણંદવિમળસૂરિ ( તપગચ્છ ૫૬ મી પાટે) ને મળેછે. અને તે આ પ્રમાણે છે.

તપગચ્છાચાર્ય શ્રી આણંદવિમળસૂરિ.
|
સોમનિર્મળ ઉપાધ્યાય.
|
પાઠક હર્ષસોમ
|
યશસ્સોમ
|
જયસોમ. (કર્મગ્રંથ બાલાવબોધ કરનાર.)
|
શિષ્ય કલ્યાણસોમ. (બાલાવબોધની પ્રથમ પ્રતિ લખનાર.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संवेगी सिर सेहरो, गुरु ग्यान रयणनो दरियो रे।
कुमत तिमिर उच्छेदि वा, एतो बाल्लारूण दिनकरियो रे। श्री० ७।
श्री पाटणना संघनो, लही अति आग्रह सुविशेषि रे।
सोभावी गुण फुल्लर्मि, इम सुजस वेल्ली म्हें लेषि रे। श्री० ८।
उत्तम गुण उदभावता, म्हें पावन कीधी जीहा रे।
कांति कहे जस वेलम्ही, सुणतां हुई धन २ दीहा रे। श्री० ९।
इति श्रीमन्महोपाध्याय श्रीयशोविजयगणि गुणगण परिचये
सुजसवेल्लिनामा भासं। ठाकोर मूलचंद पठनार्थं।

२

## કાંતિવિજય.

ઉપાધ્યાય મહારાજના સમયમાં કાંતિવિજય નામના બે લેખકો થઈ ગયા છે. એક તો કીર્તીવિજય ઉપાધ્યાયના શિષ્ય અને વિનયવિજયજીના ગુરૂભ્રાતા હતા, કે જેમણે ‘ સંવેગબાવની ’ આદિ કેટલીક કૃતિઓ બનાવી છે.

શ્રી ગુરૂ હીરસૂરિંદના શ્રી કીર્તિવિજય ઉવજ્ઝાય;
તેહ તણા સુપસાયથી મેં કીધી એહ સજ્ઝાય.
ગુરૂભ્રાતા ગુરૂ સારીખા શ્રી વિનયવિજય ઉવજ્ઝાય;
ગ્રંથ બે લાખ જેહણે કર્યો વાદીમદ ભંજનહાર,
સંવેગ રસાયન બાવની જે સુણે નર ને નાર;
કાંતિવિજીય કહે તસ ઘરે નિત નિત મંગલ માલ.
—સંવેગ રસાયન બાવની.

આજ કાંતિવિજય માટે શ્રી વિનયવિજયોપાધ્યાયે, “ હૈમલઘુપ્રક્રિયા ” વ્યાકરણ બનાવ્યું છે.

कांतिविजयाख्यगणिनः पठनकृते कृतधियः सतीर्थ्यस्य।
विहितोऽयं यत्नः सफलः स्तात्सर्वप्रकारेण॥[1]
—हैमलघुप्रक्रिया।

બીજા કાંતિવિજય, પ્રેમવિજયના શિષ્ય છે. જેમણે સંવત ૧૭૧૯ માં ‘ડભોઇ’ માં, એકાદશીનું સ્તવન બનાવ્યું છે.

---

૧ આ શ્લોક છપાયેલ પુસ્તકમાં જોવામાં આવતું નથી પરંતુ પાટણના ભંડારમાં સં. ૧૭૧૨ ની લખેલી પ્રતિમાં આ શ્લોક વિદ્યમાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલસ—ઈય સકલ સુખકર, દુઃકૃત દુઃખહર, ભવિક તરૂ નવ જલધરૂ,
ભવતાપ વારક, જગત તારક, જયો જિનપતિ જગગુરૂ;
સત્તરસોયા અગણોત્તરે રહિય ડભોઈ ચોમાસએ,
સુદિ મૃગસિર માસ, તિથ ઇગ્યારસ, રચ્યા ગુણ વિલાસએ.
થઇ થુઈ મંગલ કોડિ ભાવના પાપ રજ દૂરે હરે,
જયવાદ આપે, કીર્તિ થાપે, સુજસ દિશોદિશિ વિસ્તરે;
શ્રી તપગચ્છ નાયક વિજયપ્રભગુરૂ સીસ પ્રેમવિજય તણો,
કહે **કાંતિ**[1] ભણતાં ભવિક થુણતાં પામિઈ મંગલ અતિ ઘણો.
—એકાદશી સ્તવન.

આ બેમાંથી પ્રસ્તુત ભાસ કોણે રચી છે, તે નક્કી કહી શકાતું નથી. કારણ કે કર્તાએ પોતાના ગુરૂનું નામ સૂચવ્યું નથી. પરંતુ શ્રી વિનયવિજય ઉપાધ્યાય અને શ્રી યશોવિજયોપાધ્યાયનો પરસ્પર ગાઢ સ્નેહ સંબંધ જોતાં, પ્રથમ ઉલ્લિખિત–શ્રી વિનયવિજયજીના ગુરૂભ્રાતા–કાંતિવિજયજીએ, આ ભાસ રચી હોય, એમ માનવાને કારણ રહે છે.

૩

## ઉપાધ્યાયજીની સ્વર્ગ–તિથિ.

અત્યાર સુધી વાચકશ્રીની સ્વર્ગતિથિ સંવત ૧૭૪૫ માં માનવામાં અને લખવામાં આવતી હતી, પરંતુ આ ભાસ ઉપરથી જણાશે કે તે ભૂલ ભરેલી હતી. તેઓશ્રીનો દેહવિલય ૧૭૪૫ માં નહિં, પણ ભાસમાં લખ્યા પ્રમાણે ૧૭૪૩* માં થયો હતો. પૂર્વોક્ત સાલ માનવામાં કારણ, મ્હારા ધારવા પ્રમાણે; ડભોઇ ગામ ( જીલ્લે વડોદરા ) માં તેઓશ્રીના સમાધિ–સ્તૂપમાં આવેલા પગલા ઉપરનો લેખ છે. પાદુકા ઉપર ૧૭૪૫ ની સાલ હોવાથી, તેને ઉપાધ્યાયજીની મરણસાલ માની લેવામાં આવી છે. પરંતુ પાદુકાની સાલ તેઓશ્રીના મરણ કાલની નથી, પરંતુ પ્રતિષ્ઠાની છે. હું જ્યારે ડભોઈ ગયો હતો, ત્યારે એ

૧—" હાંરે મ્હારે ઠામ ધર્મના સાડાપચવીસ દેશજો; " એ પદથી શરૂ થતું, અષ્ટમીનું મ્હોટું સ્તવન પણ આજ કાંતિવિજયે બનાવ્યું છે.

* અગ્યાર અંગ અને પ્રતિક્રમણ હેતુ ગર્ભની સઝાયમાં, સંવત્‌ની સંખ્યાના જે આંકો છે તેની ગણના કરવામાં, મ્હારા વિચાર પ્રમાણે, ભૂલ થયેલી છે. આ સંબંધમાં આગળ ઉપર કોઈ નોટમાં હું ખુલાસો કરીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયમાં કેટલીક તપાસ કરી હતી અને પગલા ઉપર જે લેખ હતો, તેની પરિશ્રમ-પૂર્વક નક્કલ લઇ લીધી હતી. લેખ ઉપરથી જણાય છે કે તે પાદુકાની પ્રતિષ્ઠા અમદાવાદમાં, ઉપાધ્યાયજી મહારાજના કોઇ શિષ્યે કરી હતી. ( અક્ષરો ઘસાઇ જવાથી શિષ્યનું નામ વાંચી શકાણું નથી ) અને ત્યાંથી ડભોઇ લઇ જઈ, સ્તૂપ બનાવી, તેમાં સ્થાપન કરી હતી. અર્થાત્ તે સ્તૂપ, ઉપાધ્યાયજીના સ્વર્ગગમન પછી બે વર્ષ બાદ બનાવવામાં આવ્યો હતો. પાદુકા ઉપરનો લેખ આ પ્રમાણે છે.

( १ ) संवत् १७४५ वर्षे ॥ शा ॥ १६११
( २ ) प्रवर्तमाने मार्गशीर्ष मासे शुक्लपक्षे एकादशी तिथौ ॥ ७ ॥
( ३ ) श्री श्री हीरविजयसूरीश्वर शिष्य । पं । श्री कल्याणविजयग ।
( ४ ) शिष्य । पं । श्री लाभविजयग । शिष्य । पं । श्री जीतविजयग । सोदर ।
( ५ ) सतीर्थ्य । पं । श्री नयविजयग । शिष्य । पं । श्री जसविजय—
( ६ ) गणीनां पादुका कारापिता । प्रतिष्ठितात्रेयं ।
( ७ ) तच्चरण सेवक............विजयगणिना श्री राजनगरे ॥

૪

## ઉપાધ્યાયજીના રચેલા ગ્રંથો.

જેમ તેઓશ્રીના જીવનવૃત્તાંત સંબંધમાં આપણે ઘણા ભાગે અજ્ઞાન છીએ તેમ તેમના રચેલા મહાન્ અને વિશાળ ગ્રંથ સમુદાયથી પણ આપણે મ્હોટે ભાગે અજાણ છીએ. તેઓશ્રીના રચેલા સંખ્યાબંધ ગ્રંથો હજી સુધી આપણને મળી શકયા નથી ! તર્કભાષામાં તેઓશ્રી પોતેજ લખે છે કે, “ કાશીમાં, પ્રથમ તો પંડિતોએ ‘ ન્યાય-વિશારદ ’ બિરૂદ આપ્યું હતું અને પાછળથી જ્યારે સો ( ૧૦૦ ) ગ્રંથો રચ્યા ત્યારે ‘ ન્યાયાચાર્ય ’ નું મહાન્ પદ આપવામાં આવ્યું. ” ન્યાયાચાર્ય પદ અપાવ-નાર આ સો ગ્રંથો કયા તેનો તો હજી સુધી કાંઈ પણ પત્તો નથી. કારણ કે જે ગ્રંથો હાલમાં મળે છે, તે પ્રાયઃ કરીને બધા કાશીથી આ દેશમાં આવ્યા પછીના કરેલા છે; કાશીમાં રચેલું એક પણ પુસ્તક હજી સુધી હસ્તગત થયું નથી. આ શિવાય ‘ ભા-ષારહસ્ય ’ ના પ્રારંભમાં કરેલા ઉલ્લેખથી જણાય છે કે તેઓશ્રીએ “ રહસ્ય ” પદ વડે અંકિત એવા એકસો આઠ (૧૦૮) ગ્રંથ રચવા ઇચ્છિયા હતા. આમાંથી કેટલા રચાયા તે સંબંધે કાંઇપણ હકીકત ઉપલબ્ધ થઈ નથી. માત્ર આમાંના ભાષારહસ્ય અને નયરહસ્ય નામના બેજ ગ્રંથો હજીસુધી મળ્યા છે. આ ઉપરથી જણાય છે કે તેઓશ્રીના સેંકડો ગ્રંથોના તો હજી સુધી આપણે નામ સુધાં જાણતા નથી તો પછી મેળવવાની તો આશાજ શી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ નોંધમાં તેઓશ્રીના નહિ મળતા પરંતુ જેમના નામો વિગેરે જાણવામાં આવ્યા છે, તેવા ગ્રંથોની ટીપ આપવામાં આવે છે. આ નામોમાંથી કેટલાક તો તેઓ શ્રીના ઉપલબ્ધ થતા ગ્રંથોમાંથીજ મળી આવે છે અને કેટલાક જુના પુસ્તક ભંડારોની ટીપો વિગેરેમાંથી મળી આવ્યા છે.

१ वीरस्तव टीका श्लो० सं. १२०००।
२ सिद्धांतमंजरी टीका।
३ अलंकार चूडामणि टीका १४०००
४ काव्यप्रकाश टीका।
५ अनेकांतव्यवस्था ८०००।
६ तत्त्वलोक विवरण।
७ ज्ञानार्णव।
८ वेदांत निर्णय।
९ तत्त्वार्थ टीका।
१० कूपदृष्टांतविशदाकरण।
११ आनंदघन बावीसी बालावबोध।
१२ अध्यात्मोपदेश।
१३ आत्मख्याति।
१४ छन्दश्चूडामणि टीका।
१५ ज्ञानसारचूर्णिः।
१६ तत्त्वविवेक।
१७ त्रिसूत्र्यालोक विधिः।
१८ प्रमारहस्य।
१९ स्याद्वाद रहस्य।
२० मार्गपरिशुद्धि।
२१ विचारबिन्दु।
२२ विधिवाद।
२३ शठ प्रकरण।
२४ मंङ्गलवाद।
२५ द्रव्यालोक।
२६ पातंजल योगसूत्र चतुर्थ पादवृत्ति।
२७ सिद्धान्ततर्क परिष्कार।
२८ चतुर्विंशति जिन (ऐंद्र) स्तुतयः

પ્રથમના ૧૧ નામો, પાટણના એક ભંડારની " संवत् १७६७ वर्षे काती शुदि २ दिने। पत्तन मध्ये। उपाध्याय श्री यशोविजय कृत ग्रंथा " આવા મથાળાવાળી છુટક નોંધમાં જોવામાં આવ્યા છે. પરંતુ બહુજ આશ્ચર્ય છે કે વર્તમાનમાં, આમાંનો એકે ગ્રંથ, પાટણના કોઈ પણ ભંડારમાં જોવામાં આવતો નથી!

આ નોધમાં ( ૧૧ મો નંબર છોડી ) ફક્ત સંસ્કૃત--પ્રાકૃત ભાષાના ગ્રંથોનોજ ઉલ્લેખ છે. બાકી ગુજરાતીમાં પણ તેઓશ્રીએ અગણિત કૃતિઓ કરી છે કે જેમાંની થોડીકજ પ્રાપ્ત થઇ છે.

આ ટીપ ઉપરથી જણાશે કે તેઓશ્રીએ આનંદઘન યોગિરાજના સુપ્રસિદ્ધ અને ગંભીરવિચાર પૂર્ણ સ્તવનો ઉપર પણ બાલાવબોધ કર્યો છે. ખરેખર આ કૃતિ અતિ મહત્ત્વની હશે એમાં જરાએ સંશય નથી. મહાન્ યોગીના ગંભીર ઉદ્દગારો ઉપર મહાન્ તત્ત્વવેત્તાનું વિવરણ, તે સુવર્ણમાં સુગંધ મળવા બરોબર છે. જો આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથ ઉપલબ્ધ થાય, તો આનંદઘનજીના જીવન સંબંધમાં અને ઉપાધ્યાયજીની તેમના પ્રતિ પ્રીતિ–ભક્તિના વિષયમાં, જે કેટલીક કલ્પનાઓ કરવામાં આવે છે, તત્સંબંધે ઘણીક જાણવા જેવી અને ચોક્કસ હકીકતો મળી શકે તેમ છે. બીજું આનંદઘનજીના સ્તવનોની સંખ્યા બાબતમાં જે વિવિધ અનુમાનો કરવામાં આવે છે–કેટલાક કહે છે કે ઉક્ત યોગીશ્વરે ૨૨ જ સ્તવનો રચ્યાં છે; કેટલાકનું કહેવું છે કે ૨૪ રચ્યાં છે વિગેરે–તેનો પણ આ ટીપથી નિકાલ આવી જાય છે, અને નિશ્ચય થાય છે કે યોગીશ્વરની સ્તવનની ચોવીસી નહિ, પરંતુ બાવીસી જ છે. કારણ કે તેમના સમકાલીન અને સહચર શ્રી ઉપાધ્યાયજી મહારાજે બાવીસ સ્તવનોનોજ બાલાવબોધ કર્યો છે. એમ આ ટિપથી સિદ્ધ થાય છે.

૫

## ઉપાધ્યાયજીનું શાસનપત્ર.

ગણ, ગચ્છ અને સંઘના રક્ષણ માટે, તેમની ઉન્નતિ માટે અને પરસ્પરનો પ્રેમભાવ સાચવવા માટે, શ્રી હિરવિજયસૂરિ, શ્રી વિજયસેનસૂરિ, શ્રી વિજયદેવસૂરિ, અને શ્રી વિજયપ્રભસૂરિ, આદિ આચાર્યોએ જુદી જુદી વખતે જેમ શાસનપત્રો અને મર્યાદાપટ્ટો કહાઢ્યા હતા, તેમ ઉપાધ્યાયજી મહારાજે પણ સુવિહિત પ્રવૃત્તિ પ્રગટ કરવા માટે અને પરમાત્માના શાસનની શુદ્ધતા જાહેર કરવા માટે આત્માર્થી અને પરિણત સમવાય યોગ્ય શાસનપત્રો પ્રકટ કર્યાં હોય તેમ સાધનો ઉપરથી જણાય છે. એમાંતો શંકા અને બે મત છેજ નહિં કે ઉપાધ્યાયજી મહારાજ પોતાના વખતના અદ્વિતીય કર્મયોગી—શ્રમણ અને સુવિહિતજનના અત્યુચ્ચ નેતા હતા. તેમના જેવો વિદ્વાન્, સહનશીલ, કર્તવ્યપરાયણ, શાસનરસિક અને સત્યમાર્ગ પ્રકાશક ‘ શ્રમણ, ’ તેમના સમયમાં તો શું પરંતુ સેંકડો વર્ષમાં થયો નથી, એમ સહુ કોઇ કબૂલ કરે તેમ છે. આવી સ્થિતિમાં, તેઓ શ્રી ગચ્છનાયક ન હોવા છતાં, તેના જેવી આજ્ઞાઓ અને મર્યાદાઓ બાંધે તો તેમાં નવાઈ જેવું કશું નથી. આવા શાસનપત્રોમાંથી એક શાસન મ્હને પ્રાપ્ત થયું છે. આ શાસન સંવત્ ૧૭૩૮ માં લખવામાં આવ્યું હતું. આ શાસનમાં ગીતાર્થ અને સુવિહિત શ્રમણના સ્વરૂપ સંબંધે ઉલ્લેખ છે. વાચકોની જાણ ખાતર તે અહીં ઉતારવામાં આવે છે. લિપિ અને અક્ષરો જોતાં તે ખુદ ઉપાધ્યાયજી મહારાજના હાથનું લખેલું હોય તેમ લાગે છે. આ શાસન કેવા સંયોગોમાં અને શા માટે લખવામાં આવ્યું છે, તત્સંબંધે હાલમાં કાંઈ ન કહેતાં, ફક્ત તે અક્ષરે અક્ષરજ અહિ આપવામાં આવે છે. આ સિવાય, સંવત્ ૧૭૧૭ ની એક નોંધ મળી છે કે જે ઉપાધ્યાયજી મહારાજના જીવનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વિચારણીય અને મહત્ત્વની ઘટના સૂચવે છે. પરંતુ કેટલાક કારણોથી હાલમાં હું ત્હેને બ્હાર મૂકવા ઇચ્છતો નથી !

॥ ॐ ॥ संवत् १७३८ वर्षे वैशाखसित ७ गुरौ महोपाध्यायश्री यशोविजयगणिभिः श्रध्धानजल्पपट्टको लिख्यते सवस्त परिणत समवाय योग्यं ॥

१—अपरं साधुनें गुरुगच्छवास प्रमुख स्थिति शुध्धपणें साचववी पणि अणसरतें नाममात्रनेंऽवलंबनइं न रहवुं, जे माटिं गुरुपारतंत्र्य तेहज ज्ञानादि रूप कहिउं छइ । तदुक्तं पंचाशके—

गुरुपारतंतनाणं सद्दहणं एअ संगयं चेव ।
इत्तोउ चरित्तीणं मासतुसाइण निद्दिट्ठं ॥ १ ॥

२—गुरु ते ३६ गुण संयुक्त, कालोचित मूल गुण सहित, अथवा शुध्ध परूपक ते मोक्षाराधक तीर्थंकर समान जाणवो । यतः—

गुरुगुणरहिओ अइ हं दठ्वो मूलगुणविउत्तो जो ।
नउ गुणमित्त विहुणोत्ति चंडरुद्दो उदाहरणं ॥ १ ॥
तित्थयरसमो सूरी सुध्धं जो जिणमयं पयासेइ ।
आणं च अइक्कंतो सो काउरिसो न सप्पुरिसो ॥ २ ॥
जइ णवि सक्कं काउं सम्मं जिणभासिअं अणुट्ठाणं ।
तो सम्मं भासिज्जा जह भणियं खीणरागेहिं ॥ ३ ॥

३—तथा गीतार्थ निश्रा विना ऽगीतार्थनइं क्रिया, व्यवहार, गच्छस्थिति प्रवर्तावता महा दोष कह्यो छै । यतः उपदेशमालायां—

जं जयइ अगीयत्थो जं च अगीयत्थ निस्सिओ जयइ ।
वट्टावेइ गच्छं अणंतसंसारिओ होइ ॥ १ ॥

४—गीतार्थ ते जे, जघन्यथी पणि निशीथसूत्रचूर्णि पर्यंत सकल सूत्रनो निर्वाह करइ । अनइं मायी मृषावादी न होइ, पक्षपाती न होइ, निःशल्य पणइं प्रवचन प्ररूपइ ॥

५—एहवा गुरु गीतार्थनी निश्रा विना जे एकाकी मलिन वेष मात्रइं विचरइ छइं, पोतइं लोक मेलवी देशना दिइ छइ, अनें गीतार्थनी देशनाइं नावें, सज्झाय मांडलि प्रमुख न साचवइ छइ गीतार्थ नइं [illegible]त्यइं

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



खामणां, वांदणां, आहारनिमंत्रणा प्रमुख व्यवहार न साचवइ, तेह गीतार्थना कीधा शय्यातर प्रमुख साचवइ, अगीतार्थ थका महा निशीथादिकना अर्थ प्रकाशइ तथा वांचइ, तथा तत्त्वार्थादिक महाशास्त्र वांची सभा मेलवइ, वांदणां देवरावें, तेह परमार्थइं गीतार्थ प्रत्यनीक ज होइ; अण-सरतइं निश्रापणुं कहइ ते सर्व सम्यक्त्व रहित जाणवा; जे माटिं लिंगाचार —ज्ञान मात्रइं ज्ञानी नहो, मलिनवेश मात्रइं क्रियावंत नहो, ते बेहु माई मुंसा-वाई, व्यवहारादिक ग्रंथइं कह्या छै. एहवां जे बाह्य आचरण प्रशंसइ, तेहनी देशना सांभलइ छइ, तेहनइं गुणवंतपणु सद्दहइ; तेहनइ मोटां फल छइ। यदुक्तं पंचाशके—

तेसिं बहुमाणेणं उमग्गाणुमोअणाऽणिट्ठ फला।
तह्मा तित्थयराणा ठिएसु सुत्तत्थ बहुमाणो ॥ १ ॥

—एतले पांच बोलना स्वामी गुरु—गच्छ—गीतार्थ निरपेक्ष प्रवर्ते छइ, ते जाणिवा इति भावः ॥

---

सागरगच्छनो उपाश्रय
पाटण. } —मुनि जिनविजय।

---

# सूक्तमुक्तावली सुगम भाषा अनुवाद.

(લેખક—શાંતમૂર્તિ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. શુભ સ્થળ પલાંસવા. કચ્છ—વાગડ.)

**મંગળાચરણ પાર્શ્વપ્રભુની સ્તુતિ.**

૧ તપરૂપ હસ્તીના કુંભસ્થળ ઉપર સિંદૂરના સમૂહ સમાન (શોભાકારી) ક્રોધાદીક કષાયરૂપ અટવીને નિર્દગ્ધ કરવા દાવાનળ જેવા (દેદીપ્યમાન) તત્ત્વબોધ રૂપ દિવસનો પ્રારંભ કરવા સૂર્યોદય સમાન (તેજસ્વી), મુક્તિરૂપી સ્ત્રીના ઉચ્ચ—ઉન્નત સ્તન ઉપર કેશરના વિલેપનનીજેવાં (અલંકારભૂત) અને કલ્યાણરૂપ વૃક્ષનાં કુંપળ સમાન (શોભારૂપ) શ્રી પાર્શ્વપ્રભુનાં ચરણની નખપ્રભા તમારૂં રક્ષણ કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રસ્તુત ગ્રંથનો પ્રચાર કરવા સજ્જનો પ્રત્યે વિજ્ઞપ્તિ.**

૨ વાણીનો વિવેક કરવામાં ચતુર (પરિક્ષાવંત) સજ્જનો મ્હારા ઉપર પ્રસન્ન થાવ (જેથી આ ગ્રંથનો પ્રચાર વિશેષ પ્રકારે થવા પામે); કેમકે જળ કમળોને પેદા કરે છે, પરંતુ તેની ખુશબોને પવન વિસ્તારે છે. અથવા આવી દીનતા કરવા વડે શું ? જો આ વાણીનો ગુણ તેમને સમજાશે, તો તેઓ સ્વયં તેનું પ્રથન કરશે અને જો વાણીમાં તથા પ્રકારનો ગુણ નહિં જણાય તો અપયશકારી એવા પ્રચાર વડે શું ?

**ગ્રંથકાર ત્રણ વર્ગમાં ધર્મનું પ્રધાનપણું જણાવે છે.**

૩ "ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગને પૂર્વાપર વિરોધ રહિત સાધ્યા વગર મનુષ્યનું આયુષ્ય પશુની જેવું નિષ્ફળ સમજવું. તે ત્રણે વર્ગમાં ધર્મને શ્રેષ્ઠ પ્રધાન કહ્યો છે. કેમકે તે ધર્મને સેવ્યા વગર બીજા બે—અર્થ અને કામની સીધી પ્રાપ્તિ થઈ શકતી નથી.

**શાસ્ત્રકાર મનુષ્ય ભવની દુર્લભતા બતાવે છે.**

૪ દશ દૃષ્ટાન્તે દુર્લભ માનવ ભવ પામીને જે મુગ્ધજનો ચિવટ રાખીને ધર્મ—સાધન કરતાં નથી તે મંદ બુદ્ધિજનો ભારે કષ્ટ સહિને પ્રાપ્ત કરેલ ચિન્તામણી રત્નને પ્રમાદથી દરિયામાં પાડી દે છે.

૫ જે દૂર્લભ મનુષ્યભવને પ્રમાદવશ થઈ વ્યર્થ ગુમાવી દે છે, તે સોનાના થાળમાં ધુળ ભરે છે, અમૃત વડે પગ પ્રક્ષાલન કરે છે, શ્રેષ્ઠ હાથી પાસે ઈંધન (લાકડાં) વહેવરાવે છે, અને કાગડાને ઉડાડવા માટે ચિન્તામણી રત્ન ફેંકી દે છે.

૬ જે પામર જનો અસાર ભોગની આશા વડે ધર્મનો અનાદર કરી સ્વેચ્છા મુજબ ફરે છે તે જડ લોકોના ઘરના આંગણે ઉગેલા કલ્પવૃક્ષને ઉખેડી નાંખી ધંતૂરો વાવે છે. ચિન્તામણી રત્નને ફેંકી દઈ કાચનો કડકો સ્વિકારે છે, અને પર્વત જેવા મહાન્ હસ્તિરાજને વેચી દઈ ગર્દભને ખરીદે છે.

૭ આ અપાર સંસારમાં મહા મુશીબતે મનુષ્ય જન્મ પામીને જે કોઈ વિષયસુખની તૃષ્ણામાં તણાયો છતો ધર્મસાધન કરતો નથી, તે મૂર્ખમાં શિરોમણી (મૂર્ખરાજ) સમુદ્રમાં ડુબતો છતો શ્રેષ્ઠ વહાણને મુકી દઈ પથ્થરને ઝાલવાને પ્રયત્ન કરે છે.

**"પ્રસ્તુત ગ્રંથમાં કહેવા ધારેલાં દ્વારનાં નામ નિર્દેશ."**

૮ હે ભવ્ય આત્મન્! જો તું મોક્ષપદ મેળવવાને ઇચ્છિતોજ હોય તો શ્રી તીર્થંકર દેવની ગુરૂમહારાજની, જિનપ્રવચનની, અને શ્રી સંઘની સદ્દભાવથી સેવા—ભક્તિ કર. વળી હિંસા, અસત્ય, અદત્ત, (ચોરી), અબ્રહ્મ (કુશીલ) અને મમતા મૂર્છાદિકનો ત્યાગ કર. ક્રોધાદિક અંતરંગ શત્રુઓનો જય કર, સજ્જનતાનો આદર કર. સદ્દગુણીની સંગતિ કર. ઇન્દ્રિઓનું દમન કર. તેમજ દાન, તપ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવના અને વૈરાગ્ય વૃત્તિનું સેવન કર. મોક્ષપદ દાયક જાણી ઉક્ત પદોનો યથાવિધિ આદર કર. હે ભાગ્યશાલિન્ એથી તું માંગલિક માલાને પામીશ.

**' શ્રી તીર્થંકર મહારાજની ભક્તિનો અલૌકિક પ્રભાવ. '**

અરિહંત ભગવાનની યથાયોગ્ય પૂજા અર્ચા કરતા સતે પાપને લોપે છે; દુર્ગતિને દળી નાંખે છે, આપદાનો નાશ કરે છે, પુન્યનો જમાવ કરે છે, લક્ષ્મીને વધારે છે, નીરોગતાની પુષ્ટિ કરે છે, સૌભાગ્ય ( લોકપ્રિયતા ) ને રાચે છે, પ્રીતિને વધારે છે, યશને વિસ્તારે છે તેમજ સ્વર્ગ અને મોક્ષ પણ મેળવી આપે છે એમ સમજી શ્રી જિનેશ્વર દેવની ભાવ ભક્તિ કરવી.

૧૦ જે પૂર્ણ શ્રદ્ધા રાખી શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા કરે છે તેને સ્વર્ગની પ્રાપ્તિ ઘરનાં આંગણા જેવી ઢુકડી છે. વિશાળ રાજ્ય લક્ષ્મી તેની સાથે રહેનારી છે, સૌભાગ્યાદિક ગુણો સ્વત: તેનામાં આવી વિલાસ કરે છે. સંસારસાગર તરવો તેને સુગમ થાય છે અને મોક્ષ જલ્દી તેની હથેળીમાં આવી લુંઠન કરે છે. પ્રભુ પૂજાનો મહિમા અગમ અપાર છે.

૧૧ જિનપૂજા કરનારને કદાપિ રોગ કોપીને નાશી ગયો હોય તેમ સામું જોતો નથી; દાલિદ્રભયભ્રાન્ત થયું હોય તેમ સદાય દૂરને દૂરજ નાસતું ફરે છે, રીસાયેલી સ્ત્રીની જેમ દુર્ગતિ તેનો સંગ તજી દેય છે. અને સન્મિત્રની જેમ પ્રતાપ ઐશ્વર્યાદિક અભ્યુદય તેની સાથેજ સદા રહે છે.

૧૨ જે ઉત્તમ પુષ્પો વડે પ્રભુને પૂજે છે, તે દેવાંગનાનાં વિકસ્વર નેત્રો વડે પૂજાય છે ( દેવ પણે ઉત્પન્ન થઈ ત્યાં દેવાંગનાઓ વડે સાદર અવલોકાય છે. ) જે એકવાર ( આગમ રીતે ) પ્રભુને વંદે છે, તે ત્રણ જગત્ વડે સદાય વંદાય છે. જે પ્રભુને સ્તુતિ સ્તવનાદિક વડે સ્તવે છે, તે પરલોકમાં ઈન્દ્રોના સમુદાય વડે સ્તવાય છે, અને જે પ્રભુનું ધ્યાન ધરે છે, તે સમસ્ત કર્મનો ક્ષય કરીને યોગીજનો વડે ધ્યાન કરવા યોગ્ય બને છે, કિંબહુના ? ઇતિશમ્.

**' સદ્‌ગુરૂની સેવા, ભક્તિ અને આજ્ઞાનો અદ્‌ભૂત મહિમા. '**

૧૩ જે દોષ રહિત–નિર્દોષ મોક્ષ માર્ગે પ્રવર્તે છે અને કશી સ્પૃહા વગર અન્યજનોને મોક્ષ માર્ગમાં પ્રવર્તાવે છે અને જે સ્વયં ભવસમુદ્રને તરતા અન્ય ભવ્ય જનોને તારવા સમર્થ છે, તેવા સદ્‌ગુરૂજ સ્વહિત ઈચ્છનારાઓએ સેવવા યોગ્ય છે.

૧૪ જે મિથ્યાત્વને ફોડી નાંખે છે, આગમ અર્થનો બોધ કરે છે, વળી સદ્‌ગતિ અને દુર્ગતિના માર્ગ રૂપ પુન્ય અને પાપનો ફોડ કરી બતાવે છે, તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃત્યાકૃત્ય સંબંધી વિવેક સમજાવે છે, તેવા સદ્ગુરૂ વિના બીજો, કોઈ ભવસમુદ્ર પાર પમાડતા નથી.

૧૫ નરકના ખાડામાં પડતા પ્રાણીને બચાવવાને પુન્ય પાપનું સ્વરૂપ સ્પષ્ટ રીતે સમજાવી બતાવનારા ગુરૂ વિના બીજો કોઇ–પિતા, માતા, બંધુ, પ્રિય સ્ત્રી, પુત્ર સમુદાય, મિત્ર, સ્વામી, મદોન્મત્ત હાથી, ઘોડા, રથ અને પાળાનો પરિવાર સમર્થ થઇ શકતા નથી.

૧૬ હે ભવ્યાત્મન્ ! શ્રી ગુરૂ મહારાજની આજ્ઞા વગર ધ્યાન, સમસ્ત વિષયનો ત્યાગ, તપ, ભાવના; ઇન્દ્રિય દમન, અને આપ્ત આગમોનો અભ્યાસ કરવા વડે શું ? આજ્ઞા વગરનાં તે બધાંય નકામાં સમજવાં; એમ નિર્ધારી ખૂબ પ્રેમ--પ્રીતિથી સંસારતારક ગુરૂ મહારાજની આજ્ઞાનું પાલન કરવું. કેમકે તે વગર બીજા સઘળા ગુણો નાયક વગરના સૈન્યની જેમ સ્વઈષ્ટ સિદ્ધિ કરવા સમર્થ થઈ શકતા નથી. એમ સમજી વિવેક આણી શ્રી ગુરૂરાજની સેવા કરવી.

૧૭ જિન વચન રૂપ નેત્ર વગરના લોકો સુદેવ-કુદેવને, સુગુરૂ–કુગુરૂને, સુધર્મ–કુધર્મને, ગુણવંત–ગુણહીનને, સુકૃત્યને તેમજ સ્વહિત અહિતને સારી રીતે ચતુરાઇથી જાણી જોઈ શકતા નથી.

**શ્રી પ્રવચન સિદ્ધાન્તનો અતુલ પ્રભાવ '**

૧૮ વીતરાગ દેવે ભાખેલો દયામય સિદ્ધાન્ત જેમણે સાંભળ્યો નથી તેમનું મનુષ્યપણું નિષ્ફળ છે. હૃદય શૂન્ય છે; શ્રવણ રચના નકામી છે, ગુણ દોષ સંબંધી વિવેક તેમને અસંભવિત છે. નરક રૂપ અંધ કૂવામાં પતન દુર્નિવાર છે અને ભવ ભ્રમણથી છુટવું તે તેમને માટે દુર્ઘટ–દુર્લભ છે. જિન વચનનીજ બલિહારી છે.

૧૯ જે મુગ્ધ જનો કરૂણાનિધાન શ્રી જૈન શાસનને અન્ય દર્શન સમાન લેખે છે, તેઓ અમૃતને વિષ તુલ્ય, જળને અગ્નિ તુલ્ય, પ્રકાશને અંધકારના સમૂહ તુલ્ય, મિત્રને શત્રુ તુલ્ય, પુષ્પમાલ્યને સર્પ તુલ્ય, ચિન્તામણિ રત્નને પથ્થર તુલ્ય, ચંદ્રની ચાદણીને ઉનાળાના તાપ તુલ્ય લેખે છે. વિવેકવાન સુજ્ઞજનો તો એવી ભૂલ કરે નહી.

૨૦ પંડિત પુરૂષો જે જિન પ્રવચનને પૂજે છે, ફેલાવે છે, ચિન્તવે છે, અને ભણે છે તે ધર્મને દીપાવે છે, પાપને દૂર કરે છે, ઉન્માર્ગને નિવારે છે, ગુણી પ્રત્યેના દ્વેષભાવને ભેદી નાંખે છે, અન્યાયનો ઉચ્છેદ કરે છે, કુબુદ્ધિને ટાળે છે, વૈરાગ્યને વિસ્તારે છે, દયાને પોષે છે, અને લોભને નિવારે છે એમ સમજી સુજ્ઞજનોએ શ્રી વીતરાગ સર્વજ્ઞોક્ત પ્રવચનનું સમ્યગ્ આરાધન કરવું યુક્ત છે. ( અપૂર્ણ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "ज्ञानाराधन."

કાળના વિભાગ પાડી તેની ગણત્રી કરાવનાર વિક્રમના વર્ષની શરૂઆત કાર્તિક શુદ પ્રતિપદાથી થાય છે. નવીન વર્ષની શરૂઆત તે દિવસથી થાય છે. આખુ વર્ષ સુખ, આનંદ અને આરોગ્યમાં જાય તેને માટે પ્રત્યેક વ્યક્તિ તે દીવસ સારી ભાવનામાં કાઢવાને ઉત્સુકવાન હોય છે. ઇશ્વિર પૂજન, ભજન, ગુરૂભક્તિ, પરોપકારાદિ કૃત્યોથી તેને શણગારે છે. કેટલેક સ્થળે તો જ્ઞાનપાંચમ યાને લાભપાંચમ એટલે કારતક શુદ ૫ સુધી સંસારી કાર્ય "ધંધો" નહીં કરતાં દેવદર્શનાદિ કૃત્યોમાં ગુજારવામાં આવે છે. એ પાંચમને બીજાઓ લાભપાંચેમના નામથી ઓળખાવે છે. ત્યારે જૈન દર્શનકારોએ તેને જ્ઞાનપંચમીના નામથી ઓળખાવેલ છે. આ દિવસે ઉપવાસાદી વિવિધ પ્રકારની તપશ્યા યથાશક્તિ કરે છે. જ્ઞાનભંડારોમાંથી પુસ્તક–પોથીઓ કાઢી તેનું બહુમાન કરી પૂજન કરે છે. વિવિધ પ્રકારના પદાર્થો–ફળ, નિવેદ ચઢાવે છે. યથાશક્તિ દ્રવ્યથી પૂજન કરે છે. જ્ઞાનારાધન માટે પૌષધ, દેશાવગાશિક વિગેરે વ્રત કરે છે. અને આખો દિવસ જ્ઞાનધ્યાનમાં વ્યતિત કરે છે. તે નિમિત્તે જાપ અને ધ્યાન કરવામાં આવે છે. પૂર્વે થઈ ગએલ ગુણમંજરી અને વરદત્તની કથા ઘણાં ભવો શ્રવણ કરવામાં આવે છે. કેટલાક ભાવિક દરમાસે તેનું આરાધન કરવાને વ્રત ગ્રહણ કરે છે. એ રીતે જ્ઞાનપંચમીનો દિવસ પવિત્ર રીતે ગુજારે છે.

નવીન વર્ષની શરૂઆતમાં જો કોઇ પણ પવિત્ર પર્વની શરૂઆત થતી હોય તો તે જ્ઞાનપંચમીના દિવસથી થાય છે. તે સહેતુક છે. તિર્થંકર અને કેવળી ભગવંતે આત્મિક ઉન્નતિના પહેલા પગથીયારૂપ કંઇપણ ચીજ જોઈ હોય તો તે જ્ઞાનને જોઇ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર આ ત્રણના આરાધનને મોક્ષ પ્રાપ્તિનો ઉપાય માન્યો છે. એ ત્રણનું પૂર્ણપણે પ્રાપ્ત થવું એજ મોક્ષ છે. એ ત્રણમાં જ્ઞાનને પ્રથમ પદ આપવામાં આવેલું છે. વિચાર કરતાં તે ખરૂં લાગે છે. આત્માના અનંતા ગુણ છે. તેમાં જ્ઞાન, દર્શન એ મુખ્ય ગુણ છે. એ બેમાં પણ પ્રથમ જ્ઞાનગુણ છે. કેમકે જ્ઞાનથીજ દર્શન–શ્રદ્ધા થઇ શકે છે. સમ્યગ્‌જ્ઞાન શિવાય સમ્યગ્‌શ્રદ્ધા થઈ શકે નહીં. સમ્યગ્‌જ્ઞાન શિવાયની શ્રદ્ધા અંધશ્રદ્ધામાં જાય છે. અંધશ્રદ્ધાથી આત્મા શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ કરી શકે નહીં.

જૈનદર્શનમાં જે જે ક્રિયાઓ કરવાની કહી છે, તે તમામનું યથાર્થ સ્વરૂપ સમજી તથા તથ્ય આરાધન કરવામાં આવે તો તે આરાધકની કોટીમાં આવે છે, નહીં તો વિરાધક બને છે. ભગવંતની આજ્ઞાનો પાલનાર તે આરાધક, અને આજ્ઞા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરૂદ્ધ વર્ત્તનાર વિરાધક છે. પ્રભુની આજ્ઞાનો પાળનાર એજ ભક્ત. બાકીના દેશ-થી એટલે કંઈ અંશે ભક્ત, સર્વથા નહીં. અને તેજ કારણસર જ્ઞાનીને સર્વ આ-રાધક કહ્યા છે. પાંચમા અંગ ( શ્રી ભગવતી સૂત્ર ) માં જ્ઞાનનો ઘણો મહિમા ભગવંતે બતાવેલો છે. અને જૈનો તે વાતને શ્રદ્ધાથી માને છે. એકલા જ્ઞાનનો પક્ષ ખેંચનાર એકાંતવાદીમાં ગણાય છે. જૈન ધર્મ સ્યાદ્વાદ છે. એકાંતવાદીઓને શાસ્ત્ર-કારોએ મિથ્યાત્વી કહ્યા છે. તેવીજ રીતે જ્ઞાન રહિત ક્રિયા કરનારની ક્રિયાને વિશેષ મહત્વ આપ્યું નથી. જ્ઞાન સહીતની ક્રિયા અને ક્રિયા સહીતના જ્ઞાનને જ ઉત્તમ કોટીમાં ગણેલા છે. મુક્તિ મેળવવાની કે આગળ વધવાની ઈચ્છાવાળાએ એ બન્નેનું આલંબન લેવું જોઇએ. એ બેમાંથી એકને છોડી એકનું આલંબન કરનાર શીઘ્ર ઉન્નતિ કરી શકતો નથી.

આ ઉપરથી આપણને આપણા કૃતવ્યની દિશા સુજે છે, ભાન થાય છે. શા-સ્ત્રકારો દરેક રીતે સારી હિતની વાતનું સુચન કરે છે. તેનું મહત્વ બતાવે છે. અને તેના આરાધકનું દૃષ્ટાંત બતાવી તે વાતની પુષ્ટિ કરે છે. અને આપણી શ્રદ્ધા મજ-બુત થાય તેને માટે પોતાથી થાય તેટલો પ્રયત્ન કરે છે.

આપણે દરસાલ એક દીવસ તેનું આરાધન કરીને કૃત્યકૃત્ય થઇ ગયા એમ માની બેસી રહેવાનું નથી. જંગલમાં ભુલા પડેલા મુસાફરને માર્ગનો જાણ પરોપ-કારાર્થે તસ્દી લેઈ માર્ગ—દીશા બતાવે, પછી તે માર્ગે પ્રયાણ કરી ઇચ્છિત ઠેકાણે પહોંચવાને આગળ ચાલવું એ મુસાફરનું કામ છે. દિશા બતાવનાર મુસાફરી પુરી કરાવવાને જોડે આવે નહી. કદી જો માહાભાગ્યશાળી પરોપકારાર્થે જોડે આવનાર નીકળે પણ મુસાફર ગળીયા બળદની પેઠે આગળ ચાલે નહી, તો તે મુસાફરી શી રીતે પુરી થાય ?

જ્ઞાનીઓએ આપણને આપણા હીતની ખાતર જ્ઞાન આરાધનનો માર્ગ બતાવ્યો છે. આઠ પ્રકારના કર્મમાં પ્રથમ જ્ઞાનવર્ણી કર્મને બતાવે છે. આ ઘાતીકર્મ છે. આત્માના અનંતાગુણને તે રોકનાર છે. જો આપણે આપણામાં ગુણો ઉત્પન્ન કરવા હોય તો, જ્ઞાનવર્ણી કર્મ ઓછાં કરવાને મન, વચન અને કાયાથી યથા શક્તિ પ્રયત્ન કરવો જોઇએ. જ્યાંસુધી આપણે તમામ આવર્ણ ખપાવી કેવળજ્ઞાન ઉત્પન્ન કરી શક્યા નથી, ત્યાંસુધી જ્ઞાનાભ્યાસ કરી રહ્યા અને આવર્ણ ખપાવવાના બાકી રહ્યા નથી એવો દાવો કરી શકીએ નહીં.

આપણામાં ઘણે ભાગે મોટી ઉમરના માણસોની સમજુતી એવા પ્રકારની થએલી જણાય છે કે જ્ઞાનાભ્યાસ કરવો એ ન્હાની ઉમરનાનું કામ છે. પરંતુ મોટી ઉમરનાએ નવીન નવીન જ્ઞાનાભ્યાસ કરવો અથવા વાંચન શ્રવણથી પોતાના જ્ઞાનમાં વધારો કરવો એ પોતાનું ખાસ કૃતવ્ય છે, એમ સમજતા હોય એમ જણાતું નથી. પોતાનું કર્તવ્ય છે એમ સમજનારા મોજશોખમાં કે ધંધાની ધમાલમાંથી પોતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખત મળતો નથી, એવું બાનું બતાવી છટકી જવા માગે છે. અને કેટલાક મોટી ઉમરમાં ભણુવાનો પ્રયત્ન કરવો એને શરમ જેવું સમજી તે તરફ દુર્લક્ષ કરે છે.

વ્યવ્હારિક કેળવણીના અંગે વિદ્વાનોનો એવો અભીપ્રાય છે કે, સ્કુલ અથવા કૉલેજની ડીગ્રી મેળવી એટલે કેળવણી પુરી થઇ એમ માનીને બેશી રહેવાનું નથી. પણુ ખરી કેળવણી તો સ્કુલ અથવા કોલેજ છોડયા પછીથી શરૂ થાય છે. આ કેળવણીને જાત કેળવણી કહેવામાં આવે છે. વિદ્વાનો પોતાને સ્કોલર કેહવરાવવામાં માન સમજે છે, અને પોતાના જીવનમાં નવીન અભ્યાસ કરવાને માટે થોડો વખત દરરોજના ટાઈમટેબલમાં રોકે છે. અને જીવન પર્યંત નવીન નવીન જ્ઞાનાભ્યાસ કરે છે. મુંબાઇ હાઇકોર્ટના માજી ન્યાયાધીશ જસ્ટીશ તેલંગ, રાનાડે, પોતે સ્કોલર તરીકે ગણુાવવાને માન સમજતા હતા. જૈનશાસ્ત્રકારોએ વીશસ્થાનક તપમાં અભીનવ જ્ઞાનપદને વીશસ્થાનકમાં સ્થાન આપેલું છે. અને નવીન નવીન જ્ઞાનાભ્યાસથી તેનું આરાધન કરવાને બોધ કરેલો છે. ઘણા જીવો એ પદના આરાધનથી તિર્થંકર પદ મેળવવાને ભાગ્યશાળી બનેલા છે. વર્તમાનમાં વીશસ્થાનક તપનું આરાધન કરનાર તે નિમિત્તે તપસ્યા કરે છે, અને તેને લગતી બીજી શાસ્ત્રોકત ક્રિયા કરે છે, એટલું કરીને પોતે એ સ્થાનકનું આરાધન કરી રહ્યા એમ સમજે છે.

જ્ઞાનપંચમી વૃતનું આરાધન કરનારની પણુ પ્રાયે: એવીજ પ્રવૃતિને જોવામાં આવે છે કે તે નિમીતની તપસ્યા કરવી અને તેને લગતી શાસ્ત્રોકત બીજી ક્રિયા કરવી; અને તેમ કરીને વ્રત કરવાની જે મુદત બતાવી હોય, તે મુદત પુરી થયે તેનું યથાશકિત ઉદ્યાપન કરી પોતાને કૃતાર્થ માની બેશી રહે છે.

બેશક એ બન્ને વ્રતની ઉપાસનામાં જેટલે જેટલે અંશે તપસ્યાદિ આરાધન કરવામાં આવે તેટલો લાભ છે, પણુ તેની સાથે જ્ઞાનાભ્યાસ કરવાનો કે વધારવાનો શાસ્ત્રકારોનો ઉદ્દેશ છે, તે વીસારી મુકવા જેવો નથી. વીશસ્થાનક તપમાં અભિનવ જ્ઞાનપદના આરાધન, તથા જ્ઞાનપંચમીના આરાધનમાં મુખ્ય ઉદ્દેશ જ્ઞાનાભ્યાસ કરી જ્ઞાનાવર્ણુ કર્મ ખપાવી જ્ઞાનશકિત ખીલવવાનો–પ્રગટ કરવાનો છે. એ જ્ઞાનશકિત ખીલવવા તથા જ્ઞાનાભ્યાસ સરલ રીતે થવાને તપસ્યાદિ મદદગાર છે ને તે આરાધન કરવા લાયક છે. પણુ એ બન્નેમાં જે સાધ્ય જ્ઞાનાભ્યાસ કરવાનો છે, તેની ઉપેક્ષા કરીને તેને કોરે મુકી દેવાની પ્રવૃત્તિ ચાલે છે, તેને દુર કરી શાસ્ત્રકારોનો મુખ્ય ઉદ્દેશ શું છે, તે સમજી તેમાં યથાશકિત પોતાનું વીર્ય ફોરવી જ્ઞાનમાં વધારો કરવાનો છે.

જ્ઞાનાભ્યાસ કરવાને માટે ન્હાની મોટી વયમાં કંઇ તફાવત નથી. ન્હાની ઉમરનો કામ કેવળ વિદ્યાભ્યાસ કરવાનો છે એ વાત ખરી, તેમાં પણુ વ્યવ્હારિક કેળવણી તરફ લક્ષ અપાઇ ધાર્મિક અભ્યાસ તરફ જોઇએ તેટલું લક્ષ આપવામાં આવતું નથી. મોટી ઉમરમાં ગૃહ અને ધંધાના વ્યવસાયમાં વખત મળતો નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ જણાવી ધાર્મિક અભ્યાસ કરવાની વાતને ઉડાડી દેવામાં આવે છે, પણ અહીં આપણી ભુલ થાય છે, એ ખાસ ધ્યાનમાં લેવા જેવું છે.

આત્મિક ઉન્નતિ કરવાને, આત્માની શકિત ખીલવવાને, અને આત્માના મહાન ગુણો અને સદ્દગુણો ખીલવવાને ધાર્મિક જ્ઞાનની ખાસ જરૂર છે. વ્યવ્હારિક કાર્ય અથવા ધન કમાવવાને જેટલો વખત રોકીએ તે બધો પરિણામે આપણા આત્માને હીતકારક નથી, પણ જ્ઞાનાભ્યાસમાં જેટલો વખત રોકી આપણે આપણા જ્ઞાનાવર્ણ ઓછા કરવાને શકિતમાન થઇએ, તેટલો આપણને પોતાનેજ લાભ છે. ભાવિ ઉન્નતિ કરતા છે. અને આગામી ભવ સુધારનાર છે, એ ભુલવા જેવું નથી. જ્ઞાનાવર્ણ ઓછા થવાથી જેટલે અંશે આત્મા નિર્મળ થઇ આત્મિક શક્તિ ખીલે છે, તે પછી જો નવીન કર્મનો બંધ ન પડવા દેવાને આપણે ઉપયોગ રાખીએ તો, આગામી ભવમાં પણ એ ખીલેલી શક્તિ કાયમ રહે છે.

દરેક કાર્ય કરનાર,કરાવનાર, અને તેનું અનુમોદન કરનાર, એ ત્રણને સરખા ફળના ઉત્પન્ન કરનાર કહ્યા છે. એ નિયમ જ્ઞાનાવર્ણ કર્મ ખપાવવાને પણ લાગુ પડી શકે છે.

જો પોતાની શારિરીક સંપત્તિ સારી હોય, તો દરરોજના કાર્યક્રમમાં નવિન અભ્યાસ, અથવા વાંચન, કે સજ્ઝાય ધ્યાનના માટે વખત કાઢવો જોઇએ. દરરોજના થોડા થોડા અભ્યાસ કે વાંચનથી લાંબી મુદતે ઘણો ફાયદો થએલો આપણને પ્રત્યક્ષ માલુમ પડશે. વર્તમાનમાં અભ્યાસના અને વાંચનના સાધન જોઇએ તે પ્રમાણમાં મળી શકે તેમ છે.

જો નિરૂપાયથી પોતાથી જ્ઞાનાભ્યાસ થઈ શકતો ન હોય તો બીજાઓને જ્ઞાનાભ્યાસ કરાવવાને પોતાની શક્તિ પ્રમાણમાં તન અને ધનથી મદદ કરવી જોઈએ. જેઓ જ્ઞાનાભ્યાસ કરી શકે તેવા છે, પણ સાધન કે સગવડના અભાવે જ્ઞાનાભ્યાસ કરી શકતા નથી, તેમને સાધન અને સગવડ કરી આપવા, અપાવવાને પોતાથી થાય તેટલી યોગ્ય મદદ કરવાને પ્રયત્ન કરવાથી આપણા જ્ઞાનાવર્ણિ કર્મ ઓછા થાય છે.

આ બન્ને રીતે કાર્ય કરવાને પોતાનામાં શક્તિ ન હોય, તો પછી એ બન્ને કાર્ય કરનારના ગુણોનું અનુમોદન કરવું. તેમની પ્રશંસા કરવી, અને તેઓને અંતઃકરણ પૂર્વક, શુદ્ધ ભાવનાથી તેમનુ બહુ માન કરવું એ ફળદાયક છે. કેમકે પ્રશંસા અને બહુ માનથી તેઓને પોતાના કાર્યમાં આગળ વધવાને ઉત્સાહ વધે છે અને તેનુ નિમિત્ત કારણ અનુમોદન કરનાર થાય છે.

આત્માનંદ મેળવવાને જ્ઞાનારાધન એ પ્રબળ કુંચી છે. પુદગ્લિક આનંદ એ ક્ષણીક આનંદ છે. વાસ્તવિક તે આનંદ નથી, પણ આનંદાભાસ છે. જ્ઞાનાનંદ એ આત્મિક અને સ્વભાવિક આનંદ છે અને તે જ્ઞાનાભ્યાસથી, જ્ઞાનના આરાધનથીજ મેળવી શકાય છે. તેમાં આપણે યથાશક્તિ પ્રયત્નવાન બનવું એ આપણી ફરજ છે, એ હંમેશાં ધ્યાનમાં રાખવાને આપણે ભુલવું નહી જોઇએ.

**વકીલ નંદલાલ લલ્લુભાઈ વડોદરા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "सौजन्यता."

(ગતાંક પૃષ્ટ ૧૨૨ થી શરૂ.)

ગયા અંકમાં બતાવ્યા મુજબ સંગતિની અસર પોતાની મેળે પ્રાપ્ત થાય છે તો મનુષ્યને સારી સંગતિ થઈ એટલે બસ, એમ ન સમજવું. પણ તે માણસના સદાચરણી વર્ત્તન લક્ષપૂર્વક જોઈ તે પ્રમાણે વર્ત્તવાનો નિશ્ચય કરવો. નિર્વ્યસની વ્યસનીની સંગત કરતો નથી અને વિદ્વાન્‌ને મૂર્ખનો સહવાસ ગમતો નથી. તો જે બાળક યા યુવાનને સારા થવું હોય, તેમણે પોતાના કરતાં સારા મનુષ્યનો સંગ કરવો અને દુર્જનની સંગત છોડી દેવી.

સજ્જનની સંગતિથી મનુષ્યનું સર્વ પ્રકારે હિતજ થાય છે તેની સમજ, સદ્વર્તન રાખવાનો દૃઢ નિશ્ચય, ડહાપણ, પરોપકારી સ્વભાવ વિગેરે વિગેરે સદ્ગુણોનું અનુકરણ કરવાથી આપણામાં તથા પ્રકારના ગુણ સંપાદન થાય છે. આપણે ગમે તેવા સુસ્વભાવવાળા હોઇએ, તો પણ સામાના ગુણો આપણામાં વાસ કર્યા વિના રહેતા નથી. કહ્યું છે કે—

**हियते हि मतिः पुंसां हीनैः सह समागमात् ।**
**समैश्च समतामेति विशिष्टैश्च विशिष्टताम् ॥ १ ॥**

"નઠારા લોકોની સોબત કીધાથી પુરૂષોની બુદ્ધિ બગડે છે. સમાનશીલની સંગતથી જેવી હોય તેવીજ રહે છે અને સુજનના સમાગમમાં રહ્યાથી વધારે સારી થાય છે." ?

**अकृत्यं नैव कर्तव्यं प्राणत्यागेऽपि संस्थिते ।**
**न च कृत्यं परित्याज्यं धर्म एष सनातनः ॥ १ ॥**

"પ્રાપ્ત થયેલી સ્થિતિમાં પ્રાણનો અંત આવે તો પણ જે કરવા યોગ્ય ન હોય તે કદી પણ કરવુંજ નહિ. અને જે કરવાનું હોય ( કરવા યોગ્ય હોય ) તેનો ત્યાગ કરવો નહિ. એજ સનાતન ધર્મ છે."

પૂર્વના સુકૃત કર્મોથીજ આપણને મનુષ્ય દેહની પ્રાપ્તિ થઇ છે તે ખાવા પીવા કે મોજ મઝા માણવા માટે નથી, પણ આપણને જે સાધનો પ્રાપ્ત થયા હોય તેને યોગે આપણા જન્મનું સાર્થક કરવા માટેજ આ અમૂલ્ય દેહ મળેલો છે. તો તે સફળ કરવાને સુજનતાનો ગુણ ગૃહણ કરવો તે આપણું મુખ્ય કર્ત્તવ્ય છે. કારણ કે—

સુજનતા મેળવવી તે કાર્ય વગર પરિશ્રમે થતું નથી; તે ગુણ પ્રાપ્ત કરવાને નિરંતર જીતેન્દ્રિય રહીને લક્ષપૂર્વક વ્યવસ્થિત પ્રમાણે વર્તવું પડે છે. આ પ્રમાણે પરિશ્રમ વેઠતાં ઘણાં વિઘ્નો નડે છે, તો પણ જેમ જેમ સત્ય તરફ પ્રીતિ વધે છે તેમ તેમ હરકતો ઓછી થતી જાય છે. સત્યતા રાખવાની જેમ જેમ અધિકાધિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉમેદ પકડીએ તેમ તેમ પ્રયત્નની કઠિનતા દૂર થતી જાય છે. પૂર્ણ સત્યતા આવવાને ઘણો વખત લાગે તો પણ દિનપ્રતિદિન તેની વૃદ્ધિ થયા વિના રહેતી નથી.

દુર્ગુણી પુરૂષો સંસારિક પદાર્થની પ્રાપ્તિ માટે હિંસા, જૂઠ, વિશ્વાસઘાત આદિ અનેક પ્રકારના દુષ્કર્મ કરે છે, અનેક પ્રકારનાં પાખંડ કરે છે, ધર્મ તરફ પ્રેમ ધારણ કરતા નથી, જે ખોટું અથવા ન કરવા યોગ્ય હોય તે સત્ય માની કરવા પ્રયત્ન કરે છે, અન્ય ઉપર ક્રોધ કરે છે અને મનમાં વૈરની ઝેરી વાસનાઓથી ઉપદ્રવ કરે છે, અન્ય મનુષ્યોપર દ્વેષભાવ ઉત્પન્ન કરે છે, ક્લેશ કરે છે અને અન્ય જીવોનું ભલું ઇચ્છતા નથી. પણ સજ્જન પુરૂષો કોઇ વખત પારકા દોષને કહેતા નથી, પરંતુ પારકા ગુણને તે અલ્પ હોય તો પણ નિરંતર કહે છે. પારકી સંપત્તિને જોઇને સંતોષ અને પરપીડાને જોઇ શોક ધારણ કરે છે, આત્મપ્રશંસા કરતા નથી, ન્યાયનો ત્યાગ કરતા નથી અને યોગ્યતાનું ઉલ્લંઘન કરતા નથી. વળી તેમને અપ્રિય વચન કહ્યાં હોય તો પણ તેઓ ક્રોધ કરતા નથી. આવું સત્પુરૂષોનું ચરિત્ર છે."

